ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૧૨-૨-૨૦૨૧, શુક્રવાર



# અરવલ્લીમાં ફરીથી મોસમ બદલાવના સંકેત

## જિલ્લામાં વાદળો ઘેરાયા : કમોસમી માવઠું વરસે તો ખેડૂતો પાયમલ થવાનો ભય



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો જંગ જામી રહ્યો છે ત્યારે કુદરતે કરવટ બદલતાં ગુરૂવાર બપોર પછી આકાશમાં વાદળો ઘેરાતાં કમોસમી માવઠાનો ભય ઉભો થયો છે તા.૧૩ ફેબ્રુઆરી સુધીમાં કમોસમી માવઠાની અગાઉ આગાહી થઈ હતી તે જોતાં કમોસમી માવઠું વરસે તો ખેડૂતો પાયમાલ થઈ જાય તેવો ભય પણ સેવાઈ રહ્યો છે.

ખેડૂતોને કુદરત સાથ નથી આપતી તેવી હૈયાવરણ અનેક ખેડૂતો જાહેરમાં વ્યકત કરતા હોય છે છતાં ધરતીપુત્રોએ હિંમત હાર્યા વગર ખેતીમાં ધ્યાન પરોવતા રહ્યા છે. જિલ્લામાં નવા વર્ષના આરંભ સાથે વારંવારના હવામાનના પલટાવથી રવીખેતી ઉપર સંકટ મંડરાતુ રહ્યું છે. ફેબ્રુઆરી મહિનાના પ્રથમ પખવાડિયામાં કાતિલ ઠંડીના સુસવાટા સાથે બપોરે તાપમાનનો પારો ઉંચકાતા મિશ્ર ઋતુનો માહોલ જામ્યો હતો. જેના કારણે વાઈરલ રોગચાળો વકર્યો છે. પરંતુ હવે ખેતી ઉપર પણ મિશ્ર ઋતુએ સંકટ ઉભુ કર્યું છે. જિલ્લાના આકાશમાં વાદળો ઘેરાયા પછી રખેને વરસાદ વરસે તો તૈયાર થઈ રહેલા પાકને ભારે નુકસાનની ભીતિ છે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી હોવાથી ખેડૂતોને ખેતમજૂરો મળવામાં પણ મુશ્કેલી થઈ રહી છે.

# જિલ્લામાંથી આડેધડ વૃક્ષછેદન થતાં કપિરાજોનું માનવ વસતીમાં આક્રમણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

જિલ્લામાં વન ખાતાની મહેરબાનીથી ગેરકાયદે વૃક્ષછેદન પ્રવૃત્તિએ માઝા મૂકી દીધી છે. વૃક્ષછેદનના કારણે વૃક્ષો ઉપર આશરો લેતા કપિરાજોનું રહેઠાણ છીનવાઈ ગયું છે જેથી ન છૂટકે માનવ વસતી તરફ આક્રમણ કરી રહ્યા છે. જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં કપિરાજોના આક્રમણથી પ્રજા ડઘાઈ ગઈ છે અને કેટલાક વિસ્તારોમાં તો તેમની એકબીજા સ્થળે કુદા કુદના કારણે ઘર આગળ મૂકેલાં વાહનોથી માંડી લાઈટના ડોમ વગેરેને મોટા નુકસાન થઈ રહ્યાનું પ્રજા જણાવી રહી છે.

**જંગલ વિસ્તારમાં પાણી અને ખોરાકની વ્યવસ્થા નહીં થાય તો અન્ય હિંસક પ્રાણીઓ ગામડામાં દેખાશે..!!**

સાબરકાંઠા, અરવલ્લીના જંગલ વિસ્તારમાં વન વિભાગ દ્વારા માત્ર કાગળ ઉપર વન્ય પ્રાણીઓને પીવાના પાણીની યોગ્ય સવલત કર્યાના રીપોર્ટ સરકાર અને તેના વન વિભાગને મોકલી આપ્યા છે પરંતુ સ્થળ ઉપર તપાસ કરવામાં આવે તો વન્ય પ્રાણીઓના નામે ખુદ વન અધિકારીઓ તાગડધિન્ના કરતા હોય તેવી વિગતો સામે આવી છે. અગાઉના વર્ષોમાં વિજયનગરના જંગલમાં ખોરાક-પાણીની શોધમાં રીંછ અને દિપડાએ ખેડૂતો ઉપર હુમલા કર્યાના કિસ્સા નોંધાયેલા છે. તાજેતરમાં જ બાયડ તાલુકાના ગાબટ, મેઘરજ તાલુકાના વૈયા, ભિલોડા તાલુકાના બાવડીયા સહિતના ગામોમાં દીપડો દેખાયા પછી જંગલ વિસ્તારમાં સ્થિતિ સારી ન હોવાથી વન્ય પ્રાણીઓ માનવવસ્તી તરફ દોટ મૂકતા હોવાનું મનાઈ રહ્યું છે અને હવે જિલ્લાના ૧૪ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કપિરાજો વૃક્ષ ઉપર આશ્રય લઈ રહ્યા છે પરંતુ વન વિભાગની ખંધી નીતિના કારણે દિવસ-રાત લીલાં વૃક્ષછેદન થઈ રહ્યાં છે અને લાકડું શો મીલ તેમજ અન્ય સ્થળે ઘર કરી ગયું છે. જેના કારણે કપિરાજો હવે ન છૂટકે આશ્રય મેળવવા માટે માનવ વસતી તરફ દોટ લગાવી છે પરંતુ માનવી સ્વાર્થી બની જતાં આવાં વન્ય પ્રાણીઓને ભગાડવા લાગ્યો છે.

### સાબરકાંઠા જિલ્લામાં ભાજપ દ્વારા

# જિલ્લા પંચાયત બેઠકના ૩૬ ઉમેદવારોના નામ જાહેર

**અનેક ઉમેદવારો સામે નારાજગીનો સૂર, નારાજ કાર્યકરો અપક્ષ ઉમેદવારી નોંધાવી શકે છે**

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા જિલ્લામાં ભાજપ દ્વારા જિલ્લા પંચાયતની ૩૬ બેઠકોના નામ એકસાથે જાહેર કરતાં અનેક ઉમેદવારોના નામ સામે નારાજગીનો સૂર જોવા મળ્યો છે. નારાજ કાર્યકરોએ અમારી ઉપેક્ષા થઈ છે તેવો રોષ વ્યક્ત કરી અપક્ષ ઉમેદવારી પણ નોંધાવી શકે છે. જિલ્લા ભાજપ સંગઠન દ્વારા ઉમેદવારોના નામ જાહેર થયા પછી ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરવામાં આવી છે.

**જિલ્લા પંચાયત સીટના જાહેર થયેલા ઉમેદવારો**

| જિલ્લા પંચાયત સીટ | | ઉમેદવારનું નામ |
|---|---|---|
| ૧. | કાંકણોલ | રમીલાબેન સુરેશભાઈ પટેલ |
| ૨. | જામળા | સલમાબેન દિનેશભાઈ અસારી |
| ૩. | પરબડા | હિતેશકુમાર વિક્રમભાઈ નિનામા |
| ૪. | બલવંતપુરા | તારાબેન લાલસિંહ ઝાલા |
| ૫. | બેરણા | અમૃતસિંહ દિપસિંહ પરમાર |
| ૬. | રાયગઢ | ધિરેનકુમાર મનુભાઈ અસારી |
| ૭. | વક્તાપુર | પાર્થ ભગાભાઈ પરમાર |
| ૮. | સવગઢ | સાવનકુમાર અમૃતભાઈ ડોડિયાર |
| ૯. | જાદર | હિમાંશુભાઈ ધીરૂભાઈ નિનામા |
| ૧૦. | દાવડ | દશરથભાઈ મગનભાઈ પરમાર |
| ૧૧. | કેસરપુરા | વર્ષાબેન સુભાષભાઈ વણકર |
| ૧૨. | ગોલવાડા | મધુબેન રમણસિંહ ડાભી |
| ૧૩. | કડિયાદરા | શંકરભાઈ શેનાભાઈ બેગડિયા |
| ૧૪. | બડોલી | વિણાબેન વાલજીભાઈ ખરાડી |
| ૧૫. | ગોરલ | નયનાબેન અમૃતલાલ ભગોરા |
| ૧૬. | નાદરી | રાધાબેન એમ. અસારી |
| ૧૭. | મહોર | કાંતિભાઈ મંછાભાઈ પટેલ |
| ૧૮. | ખેડવા | કેડીબેન અણદાભાઈ તરાર |
| ૧૯. | લક્ષ્મીપુરા | હિતેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાએ |
| ૨૦. | આગિયા | વસંતાબેન ભીખાભાઈ બેગડિયા |
| ૨૧. | પાટડીયા | સૈયદાબેન અબુરભાઈ મકવાણા |
| ૨૨. | કોટડા | સોમજીભાઈ નાનજીભાઈ ખેર |
| ૨૩. | ચંદ્રાણા | આનંદીબેન મોઘજીભાઈ પટેલ |
| ૨૪. | દંત્રાલ | અમૃતભાઈ શાંમળભાઈ પટેલ |
| ૨૫. | દેમતી | સોનલબેન મોહનભાઈ સોલંકી |
| ૨૬. | કણાદર | લીનાબેન લક્ષ્મણસિંહ નિનામા |
| ૨૭. | પરોસડા | ધીરજભાઈ કરશનભાઈ પટેલ |
| ૨૮. | વિજયનગર | તેજાજી હિરાજી પટેલ |
| ૨૯. | આંત્રોલી-દોલજી | રેખાબા રણજીતસિંહ ઝાલા |
| ૩૦. | દોલતાબાદ | બાલુસિંહ ઉદેસિંહ સોલંકી |
| ૩૧. | પુંસરી | ભારતીબેન મહેન્દ્રભાઈ પટેલ |
| ૩૨. | બડોદરા | ગણપતસિંહ પરબતસિંહ ઝાલા |
| ૩૩. | બાલીસણા | નીરૂબા રાજેન્દ્રસિંહ ઝાલા |
| ૩૪. | મોયદ | વિપુલકુમાર ભોગીભાઈ પટેલ |
| ૩૫. | સીતવાડા | મહેન્દ્રસિંહ દાનસિંહ રાઠોડ |
| ૩૬. | સોનાસણ | સેજલબેન લલીતભાઈ પટેલ |

**હિંમતનગર પાલિકાના ઉમેદવારો જાહેર, વોર્ડ નં.૩ ઉમેદવારો પેન્ડીંગ**

ભાજપ દ્વારા હિંમતનગર પાલિકાના ૯ વોર્ડ પૈકી ૮ વોર્ડના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. વોર્ડ નં.૩ ના ઉમેદવારો જાહેર ન થતાં ટિકીટની દાવેદારી કરનારા અનેક મુરતિયાઓ રઘવાયા થયા છે.

| વોર્ડ નંબર | ઉમેદવારો |
|---|---|
| ૧ | મનિષાબેન જગદીશભાઈ પરમાર |
| ૧ | વિણાબેન નરેન્દ્રસિંહ શેખાવત |
| ૧ | કલ્પેશકુમાર શ્રીરામભાઈ સાંખલા |
| ૧ | રાજેશકુમાર કિશોરીલાલ શર્મા |
| ૨ | વર્ષાબેન ભરતકુમાર મિસ્ત્રી |
| ૨ | ચેતનાબેન મુકેશકુમાર શાહ |
| ૨ | રાકેશ પ્રવિણચંદ્ર પટેલ |
| ૨ | રાજુભાઈ કરનભાઈ દેસાઈ |
| ૪ | જાનકીબેન અમીતભાઈ રાવલ |
| ૪ | નયનાબેન નટવરભાઈ પ્રજાપતિ |
| ૪ | ગોવિંદસિંહ ઉદેસિંહ રાઠોડ |
| ૪ | ડિકુલ દિપકકુમાર ગાંધી |
| ૫ | પ્રિયંકાબેન છગનભાઈ સડાત |
| ૫ | અલકાબેન રાકેશભાઈ બારોટ |
| ૫ | શશીકાન્ત મથુરભાઈ સોલંકી |
| ૫ | દિપકભાઈ કનુભાઈ વાઘેલા |
| ૬ | હેતલબેન દીપકકુમાર અમીન |
| ૬ | યતિનબેન ભરતભાઈ મોદી |
| ૬ | સવજીભાઈ ગેનાજી ભાટી |
| ૬ | દિલીપકુમાર જયંતીલાલ પટેલ |
| ૭ | હંસાબેન મહેન્દ્રભાઈ પિત્રોડા |
| ૭ | નીરૂબેન જયેશભાઈ પટેલ |
| ૭ | અમૃતભાઈ બાબુલાલ પુરોહિત |
| ૭ | ગોપાલભાઈ કેશુભાઈ પ્રજાપતિ |
| ૮ | કુંતલબેન દિવ્યાંગભાઈ ગોર |
| ૮ | ચેતનાબેન હર્ષદભાઈ કડિયા |
| ૮ | કિરીટભાઈ ગીસુભાઈ શાહ |
| ૮ | સાવનકુમાર લલ્લુભાઈ દેસાઈ |
| ૯ | જીનલબેન હિતેશભાઈ પટેલ |
| ૯ | શિલ્પાબેન બ્રિજેશભાઈ પટેલ |
| ૯ | જિજ્ઞેશકુમાર ડાહ્યાભાઈ પટેલ |
| ૯ | વિમલકુમાર અમૃતભાઈ ઉપાધ્યાય |

# બાયડના ટાઉન હોલને સાડા પાંચ વર્ષ વિત્યા છતાં લોકાર્પણ અદ્ધરતાલ

## ૩ મુખ્યમંત્રી, ૭ પાલિકા પ્રમુખ બદલાયા છતાં કામ અધુરૂ : લોકાર્પણ હવે કોના નસીબમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

જિલ્લાની બાયડ પાલિકા વિસ્તારના પ્રજાજનોની માંગને ધ્યાને રાખી રાજ્ય સરકારે ટાઉન હોલના નિર્માણ માટે રૂા.૩.૨૦ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. ખાત મુહૂર્ત કર્યા પછી સાડા પાંચ વર્ષનો સમયગાળો પસાર થયો છતાં તૈયાર થયેલા ટાઉન હોલ લોકાર્પણની રાહ જોઈને બેઠું છે. ૩ મુખ્ય મંત્રી અને પાલિકાના ૭ પ્રમુખ બદલાયા છતાં કામ અધુરૂ જ છે. જાણવા મળ્યા મુજબ ટાઉન હોલમાં લાઈટીંગ અને સાઉન્ડ સીસ્ટમ સહિતના અનેક કામો બાકી હતાં તેની કામગીરી શરૂ થઈ છે છતાં લોકાર્પણ બાકી રહી ગયું. હવે તા.૨૮ ફેબ્રુઆરીએ બાયડ પાલિકાની સામાન્ય ચુંટણી યોજાવાની છે ત્યારે લોકાર્પણ કોના નસીબમાં હશે તેની નગરજનો ઉત્સુકતાથી રાહ જુએ તે સ્વભાવિક છે.

રાજ્ય સરકાર અને તેના શહેરી વિકાસ વિભાગે બાયડ નગરપાલિકાના સર્વાંગી વિકાસ માટે પાછલા ૧૮ વર્ષમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે. સ્વચ્છતા માટેના ફાળવેલા સાધનો આજે પણ ધૂળ ખાઈ રહ્યા છે. માત્ર એકબીજાને પછાડવાની રાજનીતિમાં બાયડનગરનો સર્વાંગી વિકાસ હોંશિયામાં ધકેલાયો હોય તેવી સ્થિતિ લાંબા સમયથી જોવા



મળે છે. બાયડ પાલિકાના સ્વર્ગીય પ્રમુખ જગદીશભાઈ પ્રેમજીભાઈ પટેલની દિર્ઘદ્રષ્ટી અને ત્યારબાદ નિયુક્ત થયેલાં મહિલા પ્રમુખ ડાૅ.શકુન્તલાબેન પટેલના સફળ પ્રયાસના કારણે બાયડ પાલિકા વિસ્તારમાં પ્રજાને સુવિધા યુક્ત ટાઉન હોલ મળી રહે તે માટે સરકારમાં રજૂઆત પછી રૂા.૩.૨૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવી હતી. તા.૨૫-૪-૨૦૧૫ના રોજ રાજ્ય સરકારના મંત્રી અને હાલના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના હસ્તે ધોમધખતા તાપમાં બાયડ પાલિકાના ટાઉન હોલના નિર્માણ માટે ખાત મુહૂર્ત થયું પરંતુ સત્તાધીશોની હુસાતુસીમાં કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી અને હજુ પણ કામ પુરૂં થયું નથી. ટાઉનહોલનું કામ પૂરૂં થયા પછી પ્રજાને યોગ્ય સવલતવાળો ટાઉનહોલ મળી શકે પરંતુ હવે ટાઉનહોલનું લોકાર્પણ કોના નસીબમાં હશે તે તા.૨ માર્ચે લોક ચુકાદા પછી જાહેર થશે.

# વહિવટી તંત્ર પગલાં ભરવામાં ઉદાસ કેમ : બાયડમાં કેમીકલ લઈને પસાર થતા વાહનોથી તિવ્ર દુર્ગંધ

**વાહન ચાલકો, દુકાનદારો દુર્ગંધથી અકળાયા**

બાયડ તા.૧૧

બાયડના મુખ્ય બજારમાં વાહનોની અવર જવર વચ્ચે છેલ્લા એક મહિનાથી સવાર અને બપોરે કેમીકલ લઈને પસાર થતા વાહનો વાતાવરણમાં તિવ્ર દુર્ગંધ ફેલાવતાં માથું ફાટી જાય તેવી દુર્ગંધના કારણે વાહન ચાલકો અને દુકાનદારો અકળાઈ ઉઠ્યા હતા. હાઈવે માર્ગ ઉપર પસાર થતા વાહનમાં જલદ કેમીકલ કે પછી કોઈ દુર્ગંધયુક્ત પદાર્થ લઈ જવાતો હોવાથી જેવું વાહન મુખ્ય બજારમાંથી પસાર થયું તેની ગણતરીની મીનીટોમાં વાતાવરણમાં શ્વાસ લેવો પણ મુશ્કેલ બની જાય છે. જેથી વહિવટીતંત્ર આવા ઝેરી કેમીકલ લઈને પસાર થતાં વાહનો સામે પગલાં ભરવામાં કેમ ઉદાસ છે તેવા સવાલ થઈ રહ્યા છે.

જિલ્લાના હાઈવે માર્ગો ઉપર દોડતાં વાહનોમાં ક્યારેક કેમીકલ લીકેજ થાય ત્યારે અફડા તફડી મચી જતી હોય છે પરંતુ વાહનમાંથી તિવ્ર દુર્ગંધ વછૂટે ત્યારે..?? પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી શંકાના દાયરામાં છે ત્યારે છેલ્લા કેટલાંક સમયથી નડિયાદ, ડેમાઈ, બાયડ, ધનસુરા, મોડાસા હાઈવે ઉપર કેમીકલ ભરીને દોડતાં વાહનમાંથી તિવ્ર દુર્ગંધ આવતાં રોડ સાઈડના વેપારીઓ અને વાહનો હંકારતા વાહનચાલકો ત્રાસદાયક સ્થિતિ અનુભવી રહ્યા છે.

# દેશવ્યાપી રેલ રોકો આંદોલન : ઉત્તર ગુજરાતમાં ચુંટણીમાં ગુંથાયેલ વહિવટીતંત્રની ઉંઘ હરામ

**૧૮મીએ રેલ રોકો, ૧૪મીએ કેન્ડલ માર્ચનું એલાન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

નવા કૃષિ કાયદા સામે ખેડુતોએ આંદોલનને જલદ બનાવવાનો નીર્ણય લઈ તા.૧૮મીએ દેશવ્યાપી રેલ રોકો આંદોલનનો એલાન કરતા ઉત્તર ગુજરાતમાં ચુંટણીમાં ગુંથાયેલ વહિવટીતંત્રની ઉંઘ હરામ થઈ ગયેલ છે. ૧૮મીએ રેલ રોકો અને ૧૪મીએ કેન્ડલ માર્ચનું એલાન કરાયું છે. અગાઉ ખેડૂત આંદોલન સમયે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું પરંતુ ઉત્તર ગુજરાતમાં આંદોલનનો ફિયાસ્કો થયો હતો. છતાં પણ રાજ્ય સરકાર અને વહિવટીતંત્ર ખેડૂતોએ આપેલા રેલ રોકો આંદોલનને હળવાશથી નહિ લે.

ખેડૂત આંદોલન સમેટવા માટે દેશની ભાજપ સરકારે અનેક વખત ખેડૂત સંગઠનો સાથે વાત કરવા છતાં કોઈ હકારાત્મક ઉકેલ આવ્યો નથી. દેશના વડાપ્રધાને કિસાન આંદોલન પવિત્ર છે જેને આંદોલનજીવીઓ અપવિત્ર કરી રહ્યા છે. તેમજ કૃષિ કાયદા વૈકલ્પિક છે. કોઈને જકડતા નથી તેવું લોકસભામાં જણાવ્યું હતું. પરંતુ ખેડૂત આંદોલન ચલાવી રહેલા ખેડૂત સંગઠનો તમામ નવા કૃષિ કાયદા રદ કરવાની હઠ લઈને બેઠા છે પરંતુ સરકાર તેમાં સુધારો લાવવા તૈયાર છે પરંતુ તો રદ કરવાની તરફેણમાં નથી. તેમાંય તા.૨૬ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં લાલ કિલ્લા ઉપર ખેડૂતોએ જે તોફાન મચાવ્યું તેના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ખેડૂત આંદોલન સામે પણ અનેક આક્ષેપો થઈ રહ્યા છે અને હવે દિલ્હીની સરહદ ઉપર છેલ્લા ૮૦ દિવસથી ચાલી રહેલા આંદોલનનું પ્રતિનિધિત્વ કરતા સંયુક્ત કિશાન મોરચાએ તા.૧૮ ફેબ્રુઆરીએ દેશ ભરમાં રેલ રોકો આંદોલનની ઘોષણા કરી કેન્દ્ર સરકાર ઉપર દબાણ વધાર્યું છે અને તે અગાઉ ૧૪મી કેન્ડલ માર્ચ યોજવાની ઘોષણા કરી છે. રેલ રોકો આંદોલનના એલાનના કારણે ખાસ કરીને સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠાનું વહિવટીતંત્ર એલર્ટ થયું છે.

# સાયરા ગામના પટેલ પરિવારે પુત્રના લગ્ન તિથિની યાદમાં રામ મંદિર નિર્માણમાં રૂા.૧,૬૦,૨૨૧નું યોગદાન આપ્યું

**રામ મંદિર નિર્માણ માટે મળી રહેલુ વધુને વધુ યોગદાન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

હિન્દુઓના આસ્થાના પ્રતિક સમાન શ્રીરામ મંદિરના નિર્માણ કાર્યમાં મોડાસા તાલુકાના સાયરા ગામના, અમદાવાદ સ્થાયી થયેલા સ્ટ્રક્ચરલ એન્જીનીયર પંકજભાઈ મૂળજીભાઈ પટેલ(પંકજ પટેલ એન્ડ એસોસીયેટ, પી.એમ.સી.-અમદાવાદ) પરિવાર દ્વારા તેમના પુત્ર આકાશની લગ્ન તિથિની યાદમાં રામ મંદિર નિર્માણમાં રૂા.૧,૬૦,૨૨૧નું યોગદાન આપી મર્યાદા પુરષોત્તમ ભગવાન શ્રીરામ પ્રત્યેની આસ્થાનું ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

સનાતન વૈદિક સંસ્કૃતિના ધરોહર સમૂહ મંદિર અયોધ્યામાં નિર્માણાધીન થવાનુંછે. વર્ષોની લડાઈ પછી કોર્ટ દ્વારા શ્રીરામ લલ્લાના તરફેણમાં ચુકાદો આવતાં હિન્દુ સમાજમાં અનેરો ઉત્સાહ ચુકાદા બાદથી જોવા મળી રહ્યો છે. મંદિર નિર્માણમાં પ્રત્યેક હિન્દુ સમાજનો ફાળો મળી રહે તે માટે અયોધ્યા શ્રીરામ મંદિર ટ્રસ્ટ દ્વારા હરેક



વ્યક્તિને સહાય નિધિમાં મહતવ આપવામાં આવ્યું છે. મોડાસા તાલુકાના સાયર ગામના પટેલ પરિવાર દ્વારા અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણ અર્થે દાનનું યોગદાન આપવામાં આવ્યું છે.

# આકરૂન્દ બેઠક પર ભાજપે વિણાબેન પટેલને મેદાનમાં ઉતારતા કાર્યકરોમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ભાજપ દ્વારા ધનસુરા તાલુકા પંચાયતની ૧૩



બેઠકોના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે ત્યારે ભાજપે અદના કાર્યકરના પરિવારમાં ટિકીટ આપી કાર્યકરોના દિલ જીત્યા છે. આકરૂન્દ તાલુકા પંચાયત બેઠક ઉપર ભાજપે વિણાબેન વિનોદભાઈ પટેલને મેદાનમાં ઉતારતા આકરૂન્દ ગામ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અનહદ ખુશાલી જોવા મળી.

### અરવલ્લીમાં ભાજપ દ્વારા

# જિલ્લા પંચાયત - તાલુકા પંચાયતના ઉમેદવારોના નામ જાહેર

**કહી ખુશી કહી ગમના દશ્યો, કાર્યકરોની નારાજગી દૂર કરવાના પ્રયાસ શરૂ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

અરવલ્લીમાં ભાજપ દ્વારા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકના ઉમેદવારોના નામ જાહેર થતાં કહી ખુશી કહી ગમના દશ્યો જોવા મળ્યા છે. ભાજપે અનેક બેઠકો ઉપર યુવા ચહેરાઓને મેદાનમાં ઉતારીને મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. ઉમેદવારોના નામ જાહેર થતાં કેટલાંક કાર્યકરોએ અસંતોષની લાગણી સાથે જિલ્લા પંચાયત કાર્યાલય આગળ વિરોધ વ્યકત કર્યો હતો. કાર્યકરોની નારાજગી દૂર કરવા માટે ભાજપ સંગઠન દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતમાં ભાજપમાં ભગવો લહેરાય તે માટે સ્થાનિક સ્વરાજ્યના ચુંટણી જંગમાં ફતેહ મેળવવા ભાજપ દ્વારા ગત તા.૨૬ જાન્યુઆરીથી કવાયત હાથ ધરી હતી. જીતી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની સાથે ૬૦ વર્ષથી ઉપરના કોઈપણ કાર્યકરને ટિકીટ નહિ આપવાનો ગુજરાત પ્રદેશ ભાજપ હાઈકમાન્ડે નિર્ણય લીધા પછી અનેક જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠક ઉપર ઉમેદવારો છેલ્લી ઘડીએ બદલવામાં આવ્યા હતા, જેના કારણે અનેક યુવા કાર્યકરોના નસીબ ખુલ્યા છે. ઉમેદવારોના નામ જાહેર થાય એટલે ટિકીટ ન મળે તેવા કાર્યકરોનો રોષ સ્વભાવિક છે. ટિકીટની રાહ જોઈ રહેલા અનેક કાર્યકરો નારાજ થયેલા જોવા મળ્યા છે. અરવલ્લી જિલ્લા પંચાયતમાં મોટા કંથારીયા, નાંદોજ, બાંઠીવાડા અને ડેમાઈ સીટ ઉપર કશમકશ હોવાથી ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી. ૩૦ પૈકી ૨૬ ઉમેદવારોના નામ જાહેર થયા છે.

**જિલ્લા પંચાયત સીટના જાહેર થયેલા ઉમેદવારો**

| જિલ્લા પંચાયત સીટ | | ઉમેદવારનું નામ |
|---|---|---|
| ૧. | આકરૂન્દ | કાળીબેન કાળાભાઈ રબારી |
| ૨. | બાંઠીવાડા | પેન્ડીંગ |
| ૩. | બેલ્યો | કંકુબેન તલાજી ડામોર |
| ૪. | ભિલોડા-૩ | ઉષાબેન અમૃતભાઈ બરંડા |
| ૫. | બુટાલ | કાશીબેન પ્રતાપભાઈ સોલંકી |
| ૬. | ચોઈલા | વિષ્ણુપ્રસાદ ઉદેસિંહ ઝાલા |
| ૭. | ડેમાઈ | પેન્ડીંગ |
| ૮. | ધનસુરા | હિરેનકુમાર હિતેષભાઈ પટેલ |
| ૯. | ગાબટ | જીતેન્દ્રભાઈ રમણભાઈ પટેલ |
| ૧૦. | હેલોદર | નિર્ભયસિંહ બહાદુરસિંહ રાઠોડ |
| ૧૧. | ઈન્દ્રાણ | નીતુબેન યોગેન્દ્રસિંહ સોલંકી |
| ૧૨. | જેસીંગપુર | રસીકાબેન કિરીટભાઈ ખરાડી |
| ૧૩. | કઉ | અનિરૂદ્ધસિંહ ફતેસિંહ ચૌહાએ |
| ૧૪. | કિશનગઢ | લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ |
| ૧૫. | કુંડોલપાલ | ઈન્દિરાબેન રમેશભાઈ ખરાડી |
| ૧૬. | લીંભોઈ | હિરાબેન કેસરીસિંહ ઝાલા |
| ૧૭. | માલપુર | રાજન લવજીભાઈ પટેલ(વણકર) |
| ૧૮. | મેઢાસણ | કુલદીપસિંહ રામાભાઈ ફણાત |
| ૧૯. | મેઘરજ | શાંતાબેન જીતેન્દ્રપ્રસાદ પરમાર |
| ૨૦. | મોટા કંથારીયા | પેન્ડીંગ |
| ૨૧. | નાંદોજ | પેન્ડીંગ |
| ૨૨. | ઓડ | જિજ્ઞાબા નટવરસિંહ રાઠોડ |
| ૨૩. | પંચાલ | કનુભાઈ બદાભાઈ મણાત |
| ૨૪. | રડોદરા | રવિકુમાર વલ્લભભાઈ પટેલ |
| ૨૫. | શણગાલ | ધુળીબેન ભુપતભાઈ મોડીયા |
| ૨૬. | સાયરા | રેખાબેન ભાનુભાઈ રાઠોડ |
| ૨૭. | ટીંટોઈ | વીણાબેન રામજીભાઈ ખરાડી |
| ૨૮. | ઉભરાણ | રમીલાબેન નટવરસિંહ પરમાર |
| ૨૯. | ઉંટરડા | રમેશભાઈ કેશવલાલ પટેલ |
| ૩૦. | વડાગામ | સવિતાબેન ચંદુભાઈ ચૌહાણ |

**બાયડ તાલુકા પંચાયત સીટના ઉમેદવારો**

| તાલુકા પંચાયત સીટ | | ઉમેદવારનું નામ |
|---|---|---|
| ૧. | આંબલિયારા | પરમાનંદભાઈ સોમાભાઈ પરમાર |
| ૨. | અમિયાપુર | સ્નેહાબેન રઘુવીરભાઈ પટેલ |
| ૩. | આમોદરા | મંજુલાબા નવનીતસિંહ સોલંકી |
| ૪. | બોરલ | અરવિંદસિંહ કેસાજી ઝાલા |
| ૫. | છભૌ | વિનુભાઈ કાલીદાસ સોલંકી |
| ૬. | ચોઈલા | મંજુલાબેન ગોવિંદભાઈ સોલંકી |
| ૭. | ડેમાઈ | પેન્ડીંગ |
| ૮. | દેરોલી | પેન્ડીંગ |
| ૯. | ગાબટ | મીનાકુંવરબા કૃષ્ણસિંહ ઝાલા |
| ૧૦. | હઠીપુરા | પેન્ડીંગ |
| ૧૧. | ઈન્દ્રાણ | ભવાનસિંહ ફતેસિંહ ચૌહાણ |
| ૧૨. | લાંક | માધુસિંહ પુંજેસિંહ ઝાલા |
| ૧૩. | લીંબ | મંજુલાબેન અદેસિંહ ચૌહાએ |
| ૧૪. | પીપોદરા | કોકીલાબેન પી. પરમાર |
| ૧૫. | પ્રાંતવેલ | સોનલબેન સુનિલકુમાર પરમાર |
| ૧૬. | રડોદરા | શિલ્પાબેન કમલેશભાઈ પટેલ |
| ૧૭. | રમાસ | કૈલાસબા રાજેન્દ્રસિંહ ઝાલા |
| ૧૮. | સરસોલી | રણજીતાબેન શૈલેષભાઈ ખાંટ |
| ૧૯. | સાઠંબા | પેન્ડીંગ |
| ૨૦. | તાલોદ | શકુબેન રવિન્દ્રસિંહ ઝાલા |
| ૨૧. | તેનપુર | પારૂલબેન અમૃતભાઈ પટેલ |
| ૨૨. | ટોટુ | કાશીબેન વજેસિંહ પરમાર |
| ૨૩. | ઉંટરડા | પ્રહલાદસિંહ પ્રતાપસિંહ મકવાણા |
| ૨૪. | વાંટડા બાયડ | ચંદ્રકાંતભાઈ મંગળભાઈ પરમાર |